પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૯૬ કુલ પાના : ૪ તારીખ : ૦૮-૦૮-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારતીય રેસ્લર વિનેશ ફોગટ ફાઈનલ રમી નહીં શકે, રાતોરાત વજન વધી ગયું, ગોલ્ડનું સપનું ચકનાચૂર થઈ ગયું



પેરિસ

ભારતીય રેસ્લર વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે ગોલ્ડનું સપનું સજાવ્યું હતું. જોકે, આજે કરોડો ભારતીયોનું સપનું ચકનાચૂર કરી દીધું છે. વિનેસ ફોગટ ૫૦ કિલો ગ્રામની શ્રેણીમાં મેચ રમી રહી હતી.

ઓલિમ્પિકની કમિટીએ વિનેશ ફોગાટને ઓવરવેઈટ ગણીને ડિસ્કોલિફાઈડ કરી દીધી છે. ૫૦ કિલો ગ્રામની શ્રેણીમાં રમી રહેલી વિનેશ ફોગાટનું રાતોરાત વધી ગયું વજન? ઓલિમ્પિક કમિટીએ ફોગાટને ઓવર વેઈટને કારણે ગેરલાયક ઠેરવી હોવાનું સામે આવ્યું. એવું માનવામાં આવે છે કે તે વધુ વજનના કારણે અયોગ્ય બની ગઈ છે. આ સાથે જ ૧૪૦ કરોડ ભારતીયોના દિલ તૂટી ગયા છે.

ભારતીય ઓલિમ્પિક સંઘે વિનેશ ફોગાટને લઈને આ વાતની પુષ્ટિ કરી છે. એસોસિએશન દ્વારા એક સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું, 'તે ખેદજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરવાના સમાચાર શેર કરી રહી છે. આખી રાત ટીમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. ટીમ આ સમયે વધુ કોઈ ટિપ્પણી કરશે નહીં. ભારતીય ટીમ તમને વિનેશની ગોપનીયતાનું સન્માન કરવાની વિનંતી કરે છે.

વિનેશ ફોગાટની મેડલ મેચ ૧૨ કલાક બાદ યોજાવાની હતી. મંગળવારે તેની જીતની હેટ્રિક બાદ મેડલ નિશ્ચિત જણાતો હતો. પરંતુ ફાઈનલ મેચના ૧૨ કલાક પહેલા ભારત માટે આ ખરાબ સમાચાર સાંભળવા મળ્યા છે. વિનેશ ફોગાટને સમગ્ર ભારતમાંથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. પરંતુ સોનાની આશા ફરી એકવાર ઠગારી નીવડી છે.

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ કે જેણે ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતવાની ખાતરી આપી હતી અને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો તેમને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. હવે આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઈઓએને આ મામલે કડક વાંધો ઉઠાવવાનું કહ્યું છે. વડાપ્રધાન મોદીએ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા સાથે વાત કરીને માહિતી માંગી છે.મોદીએ આ સ્થિતિમાં તમામ વિકલ્પો પર વિચાર કરવા કહ્યું છે. આ સાથે મોદીએ વિનેશ ફોગાટને અયોગ્ય ઠેરવવાને લઈને પેરિસ ઓલિમ્પિક કમિટી સમક્ષ વિરોધ નોંધાવવાનું કહ્યું છે.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિનેશની ગેરલાયકાત બાદ એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં વિનેશની રમતના વખાણ કરતાં તેમણે મેડલ ગુમાવવા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છે. તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા સ્ત્રોત છો. આજના આઘાતથી દુઃખ થયું છે. હું ઈચ્છું છું કે, હું શબ્દોમાં વ્યક્ત કરી શકું કે હું અત્યારે કેટલો નિરાશ છું. પણ હું જાણું છું કે તમે ફરી પાછા આવશો. પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવો એ તમારા સ્વભાવમાં છે. અમે બધા તમારી સાથે છીએ.

ભારતીય ઓલિમ્પિક સંઘે કહ્યું કે, તે ખેદજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય ઠેરવવાના સમાચાર શેર કરે છે. આખી રાત ટીમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હતું. આ સમયે ટીમ તરફથી વધુ કોઈ ટિપ્પણી કરવામાં આવશે નહીં. ભારતીય ટીમ તમને વિનેશની ગોપનીયતાનું સન્માન કરવાની વિનંતી કરે છે.

ખેલ મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે વિનેશને શક્ય તમામ મદદ આપવામાં આવી હતી. તેઓને તાલીમ માટે આર્થિક સહાય પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમના સ્ટાફને પણ તમામ પ્રકારની મદદ કરવામાં આવી હતી. તેની પાસે એક અલગ ફિઝિયોથેરાપિસ્ટ પણ હતો.

તે જ સમયે, સપા પ્રમુખ અને લોકસભા સાંસદ અખિલેશ યાદવે આના પર સવાલ ઉઠાવ્યા હતા. આ અંગે સવાલ ઉઠાવતા તેમણે કહ્યું હતું કે વિનેશ ફોગટ ફાઈનલમાં ન રમી શકવા માટે જે ટેકનિકલ કારણોની ચર્ચા કરવામાં આવી છે તેની ઊંડી તપાસ થવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે સત્ય શું છે અને તેની પાછળનું સાચું કારણ શું છે.

બીજેપી સાંસદ કરણ ભૂષણ સિંહે ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે આ દેશ માટે નુકસાન છે. ફેડરેશન તેની તપાસ કરશે અને શું કરી શકાય તે જોશે. તમને જણાવી દઈએ કે કરણ ભૂષણ સિંહ કુસ્તી સંઘના પૂર્વ અધ્યક્ષ બ્રિજ ભૂષણ શરણ સિંહના પુત્ર છે. તે જ સમયે, જ્યારે ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગટને વધુ વજન હોવાના કારણે મહિલા કુસ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરવામાં આવી હતી, ત્યારે કોંગ્રેસના નેતા શશિ થરૂરે કહ્યું હતું કે વિનેશ ફોગટ આ સુધી પહોંચી છે. તેણે વિશ્વના નંબર-૧ રેસલરને હરાવ્યો હતો. સમગ્ર દેશમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. આ સમાચાર દુઃખદ છે. વિનેશે કરેલી મહેનતનું પરિણામ તેને મળ્યું ન હતું.

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય ઠેરવવા પર કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે અમે તેના ગોલ્ડ મેડલ જીતવાની રાહ જોઈ રહ્યા હતા. આ સમાચારથી આખો દેશ ચોંકી ગયો છે. વિનેશ દેશની નજરમાં ચેમ્પિયન હતી, છે અને રહેશે. તેણે સખત મહેનત કરી અને ફાઈનલમાં પહોંચી. ગઈકાલે ત્રણેય મીટમાં તેણીનું વજન યોગ્ય હતું, તેથી તેણીને ઓછામાં ઓછા સિલ્વર મેડલ માટે ધ્યાનમાં લેવી જોઈએ. ભારતીય ઓલિમ્પિક સંઘે આ મામલો ઓલિમ્પિક સંઘ સમક્ષ મૂકવો જોઈએ.

આ દરમિયાન ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગટને ગેરલાયક ઠેરવવા પર કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીએ કહ્યું કે અમે ખૂબ જ દુખી છીએ. ત્યાં સુધી પહોંચવા માટે તેણે ઘણી મહેનત કરી છે. આખો દેશ તેની સાથે છે. ભારત સરકાર તેને પ્રાથમિકતા આપી રહી છે અને પીએમ મોદીએ તેની નોંધ લીધી છે અને જે પણ અપીલ પ્રક્રિયા જરૂરી હશે તે કરવામાં આવશે.

## પાડોશી દેશોમાં હિન્દુઓનો શિકાર અને હત્યા કરવામાં આવી રહી છે, આપણે સનાતન માટે એક થવું પડશે,યોગી આદિત્યનાથ



લખનૌ,

બાંગ્લાદેશમાં અશાંતિ અને ત્યાં લઘુમતીઓ પર થતા અત્યાચાર અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બાંગ્લાદેશનું નામ લીધા વિના કહ્યું કે આજે પાડોશી દેશોમાં હિંદુઓને શોધીને મારી નાખવામાં આવે છે. મઠો અને મંદિરોને તોડી પાડવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે આપણે ઈતિહાસમાંથી શીખવું પડશે અને સનાતનની રક્ષા માટે એક થવું પડશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે દિગંબર અખાડા ખાતે રામ મંદિર ચળવળના મેગાસ્ટાર રામચંદ્ર દાસ પરમહંસની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તેમણે કહ્યું કે તેમનું સમગ્ર જીવન રામજન્મભૂમિને સમર્પિત છે. તેમણે રામ મંદિર માટે પોતાનું જીવન મિશન બનાવ્યું. પરમહંસની પ્રતિમાને જોઈને એવું લાગતું હતું કે તેઓ કંઈક કહેવાના છે. મને પ્રતિમા સ્થાપિત કરવાનો લહાવો મળ્યો.

તેમણે કહ્યું કે ગોરક્ષપીઠ અને દિગંબર અખાડા એકબીજાના પૂરક છે. તત્કાલીન મહંત દિગ્વિજય નાથના માર્ગદર્શન હેઠળ ચળવળમાં તેઓ અગ્રણી હતા. આજે અયોધ્યાના લોકોને દેશભરમાં સન્માન મળી રહ્યું છે, સન્માન માત્ર આપવાને બદલે સુરક્ષિત રાખવું પડશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે આ સંતોની ઓળખ છે. પરમહંસ જી વિચારતા હશે કે મારો સંકલ્પ પૂરો થયો, પીએમ નરેન્દ્ર મોદીએ પણ તેમના આશીર્વાદ લીધા. રામમંદિર આંદોલનના યજ્ઞની પૂર્ણાહુતિમાં તેમના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. આત્મા અમર છે. તેને કોઈ મારી શકે નહીં. પરમહંસ જી દિગંબર અખાડામાં પરત ફર્યા છે. પરમહંસ મહારાજ જી મારા ગુરુના ગુરુ હતા. મારા ગુરુ હંમેશા જાણવા માંગતા હતા કે પરમહંસ જી કેવા હતા. તેમની સાદગીને કારણે કોઈ જાણી શકતું ન હતું કે તે કેટલા મહાન નેતા છે, કેટલા મહાન ગુરુ છે, કેટલા ચમત્કારિક છે. પરમહંસ જી હંમેશા મૂલ્યો અને આદર્શો માટે અડગ રહ્યા. અત્યારે દુનિયાનું ચિત્ર જોઈ જ હશે.

બાંગ્લાદેશનું નામ લીધા વિના સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે આજે પાડોશી દેશોમાં હિંદુઓને શોધીને મારી નાખવામાં આવી રહ્યા છે. મઠો અને મંદિરોને તોડી પાડવામાં આવી રહ્યા છે. આપણે ઈતિહાસમાંથી શીખવું પડશે, એક થવું પડશે અને દઢ નિશ્ચય સાથે કામ કરવું પડશે.

## સાબરમતી નદીમાં પ્રદૂષણને લઈને કોર્પો.ની હાઈકોર્ટે કાઢી ઝાટકણી



સાબરમતી નદીમાં પ્રદૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રીતસરની ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે પ્રદૂષણ મામલે રીતસરનો કોર્પોરેશનનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે મેગા પાઈપલાઈનમાં અમદાવાદ જ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્રર જ પ્રદૂષિત પાણી નાખે છે. કોર્પોરેશનના ટેક્રર અને ટ્રેક્ટર પ્રદૂષિત પાણી લાઈનમાં નાખે છે. શુક્રવારે વિશેષ બેચની રચના કરવાના સંકેત આપ્યા હતા.

આમ સાબરમતીમાં પ્રદૂષણ કરવામાં કંપનીઓના એકમો ઓછા પડતા હતા તેમ સરકારી એકમો પણ તેમા ફાળો આપવા લાગ્યા છે. વાસ્તવમાં કોર્પોરેશનનું કામ સાબરમતીને પ્રદૂષિત થતી અટકાવવાનું છે, તેના બદલે તે પોતે જ સાબરમતીને પ્રદૂષિત કરે છે. આમ વાડ જ ચીભડા ગળે તો પછી બીજું કોને કહેવા જવું.

હાઈકોર્ટે સાબરમતીમાં કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા પ્રદૂષણને ગંભીરતાથી લીધું છે તે જોતાં કદાચ કોર્પોરેશનને દંડ ફટકારવામાં આવે તો પણ આશ્ચર્ય નહી થાય. આ સિવાય આ મામલે જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લેવામાં આવે તો પણ કોઈને આશ્ચર્ય નહીં થાય.

## અમદાવાદ વાસીઓ હેલ્મેટ રાખજો તૈયાર, હવે વાહન ચલાવનાર અને પાછળ બેસનાર બંને માટે ફરજિયાત



ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસ અને ખંડપીઠમાં એક જાહેર હિતની અરજી દરમિયાન ચાલી રહેલી સુનવણીમાં ચીફ જસ્ટિસ દ્વારા અમદાવાદના ટ્રાફિક તેમજ તેની વ્યવસ્થાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી.

ચીફ જસ્ટીસ નું કહેવું હતું કે અમદાવાદ હવે મુંબઈ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે રાત્રે ૩:૦૦ વાગ્યા સુધી શહેરના રસ્તાઓમાં અવરજવર મોટા પ્રમાણમાં થતી જોવા મળે છે.આ ઉપરાંત ચીફ જસ્ટિસે સવાલ કરતા કહ્યું કે શું હેલ્મેટ અંગે કોઈ કાર્યવાહી થઈ રહી છે કે કેમ આ ઉપરાંત હાઈકોર્ટ દ્વારા ટકોર પણ કરવામાં આવી કે હાલની સ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે ગુજરાતમાં હેલ્મેટનું મેન્યુફેક્ચર જ નથી થતું.

ગુજરાત હાઈકોર્ટે તંત્રને ૧૫ દિવસની અંદર હેલ્મેટની ફરજિયાત અમલવારી કરાવવા માટે કડક આદેશ આપ્યા જેમાં ન માત્ર વાહન ચલાવનાર પરંતુ પાછળ બેસનાર માટે પણ હેલ્મેટની ફરજિયાત અમલવારી કરાવવા માટે આદેશ આપવામાં આવ્યા છે.૧૫ દિવસ બાદ ગુજરાત હાઈકોર્ટમાં વિગતવાર સુનવણી હાથ ધરાશે જેમાં આ પંદર દિવસ દરમિયાન થયેલી કામગીરી પર કોર્ટ દ્વારા યોગ્ય પગલા લેવામાં આવી શકે છે.

## ઈસરો હવે ૧૫મી ઓગસ્ટે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ લોન્ચ કરશે




બેંગ્લુરૂ,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો) ૧૫મી ઓગષ્ટે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૮ લોન્ચ કરશે, તેમ સૂત્રોએ જણાવ્યું છે. અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૮(ઈઓએસ)ને સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ(એસએસએલવી)-ડી૩ દ્વારા લોન્ચ કરવામાં આવશે. ઈસરોના સૂત્રોના કહેવા મુજબ ઈઓએસ-૮ને ૧૫મી ઓગષ્ટ(સ્વતંત્રતા દિવસ)ના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે.

ઈન્ડિય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)એ કહ્યું કે, ઈઓએસ-૮ સેટેલાઈટ મેનફ્રેમ સિસ્ટમ જેવી કે ઈન્ટીગ્રેટેડ એવિયોનિક્સ સિસ્ટમ, જેને સંચાર, બેઝબેન્ડ, સ્ટોરેજ અને પોઝિશનિંગ(સીબીએસપી) પેકેજ તરીકે ઓળખવામાં આવે છે, જે એક મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે, જે કેટલાય કાર્યોને એક સિંગલ, એફિશિયન્ટ યુનિટમાં જોડે છે. ઈસરોએ વધુમાં કહ્યું કે, ઈઓએસ-૮ મિશનના પ્રાથમિક ઉદ્દેશ્યોમાં - એક માઈક્રોસેટેલાઈટને ડિઝાઈન કરવો અને વિકસિત કરવો, માઈક્રોસેટેલાઈટ બેઝની સાથે સુસંગત પેલોડ ઉપકરણ બનાવવા અને ભવિષ્યના પરિચાલન ઉપગ્રહો માટે આવશ્યક નવી ટેકનોલોજીને સામેલ કરવાની બાબત સામેલ છે. માઈક્રોસેટ-આઈએમએસ-૧ બસ પર બનાવેલા, ઈઓએસ-૮ ત્રણ પેલોડને લઈને જાય છે - ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ઈન્ફ્રારેડ પેલોડ, ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ-રિફ્લેક્ટોમેટ્રી પેલોડ અને સીક યુવી ડોમિસીટર. આમ, ઈસરોએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે.

## નેપાળમાં હેલિકોપ્ટર ક્રેશ થયું, કાઠમંડુથી ઉડાન ભર્યા પછી પર્વત સાથે અથડાયું; પાંચનું મૃત્યુ



કાઠમાંડૂ,

નેપાળમાં કાઠમંડુના ઉત્તર પશ્ચિમમાં એક પહાડી વિસ્તારમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા. ન્યૂઝ એજન્સી પીટીઆઈએ મીડિયા અહેવાલોને ટાંકીને જણાવ્યું હતું કે પોલીસે નુવાકોટની શિવપુરી ગ્રામીણ નગરપાલિકાના વોર્ડ નંબર સાતમાં અકસ્માત સ્થળ પરથી પાંચ મૃતદેહો મેળવ્યા છે. જીવ ગુમાવનારાઓમાં ચાર ચીની પ્રવાસીઓ પણ સામેલ છે. ૨૪ જુલાઈના રોજ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સૌરી એરલાઈન્સનું પ્લેન ક્રેશ થયાના થોડા જ અઠવાડિયા બાદ આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૧૮ લોકોના મોત થયા હતા, જેમાંથી માત્ર કેપ્ટન જ બચી ગયો હતો.દુર્ઘટના સમયે, 'એર ડાયનેસ્ટી હેલિકોપ્ટર, ૯ન્ન-છઢઢ' કાઠમંડુથી રાસુવા જઈ રહ્યું હતું. હેલિકોપ્ટરે કાઠમંડુથી બપોરે ૧:૫૪ વાગ્યે ઉડાન ભરી હતી પરંતુ ટેકઓફની ત્રણ મિનિટ પછી સંપર્ક તૂટી ગયો હતો. એક પોલીસ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અકસ્માત સ્થળ પરથી બે પુરૂષો, એક મહિલા અને પાયલટના મૃતદેહ મળી આવ્યા છે. એક મૃતદેહ ખરાબ રીતે દાઝી ગયો હોવાને કારણે હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી.

## પેરિસમાં ભારતનો પરચમ લહેરાવીને દેશ પરત આવેલી મનુ ભાકર ઉષ્માભર્યું સ્વાગત થયું



નવીદિલ્હી

ભારતની ડબલ મેડલ વિજેતા શૂટર મનુ ભાકર પેરિસ ઓલિમ્પિકમાં ઐતિહાસિક પ્રદર્શન કર્યા બાદ આજે ૭ ઓગસ્ટના રોજ સ્વદેશ પરત ફરી છે. તે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચી જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ટર્મિનલ ૩ના વીઆઈપી ગેટથી બહાર આવ્યા બાદ તેનું ઉષ્માભર્યું સ્વાગત થયું. આ દરમિયાન તેના કોચ જસપાલ રાણા પણ તેની સાથે જોવા મળ્યા. ચાહકોએ બંનેને ફૂલોના હાર પહેરાવ્યા હતાંદરમિયાન લોકોએ મનુના સ્વાગત માટે નારેબાજી પણ કરી. ઢોલ-નગારાના તાલે લોકો મનુ ભાકરના મેડલ જીતવાની ઉજવણી કરતા જોવા મળ્યા. આ દરમિયાન મનુએ પેરિસ ઓલિમ્પિકમાં જીતેલા બંને બ્રોન્ઝ મેડલ પણ મીડિયાને બતાવ્યા. દેશમાં કદાચ આવું દ્રશ્ય ક્રિકેટ સિવાય ભાગ્યે જ જોવા મળે છે. ત્યારે મનુ ભાકર મેડલ જીતીને દેશ પરત ફરી ત્યારે એવું જ દ્રશ્ય જોવા મળ્યું, જેવું ભારતીય ક્રિકેટ ટીમ ટી૨૦ વર્લ્ડ કપ જીતીને આવી ત્યારે જોવા મળ્યું હતું.રવિવારે ઓલિમ્પિક ગેમ્સના સમાપન સમારોહમાં ભાગ લેવા મનુ ભાકર આ અઠવાડિયે પેરિસ પાછી જશે. મનુ ભાકર પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના સમાપન સમારોહ દરમિયાન ભારતની ધ્વજવાહક હશે. ૨૨ વર્ષની મનુએ ઓલિમ્પિક શૂટિંગમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે.

મનુએ પેરિસમાં મહિલાઓની ૧૦મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. આ પછી તેણે સરબજોત સિંહ સાથે મળીને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તે ત્રણ ઓલિમ્પિક મેડલ જીતનારી એકમાત્ર ભારતીય બનીને ઈતિહાસ રચવાની અણી પર હતી, પરંતુ મહિલાઓની ૨૫ મીટર પિસ્તોલ સ્પર્ધામાં ખૂબ જ ઓછા અંતરથી ચૂકી ગઈ.

## સુરતમાં ઘરના ઘરનું સપનું બતાવી ઠગાઈ, ૭૯ લોકો પાસેથી ૧૨.૬૦ લાખ પડાવનારાને દબોચી લેવાયા

સુરત,

સુરતમાં ઠગ અલગ અલગ રીતે લોકો સાથે ઠગાઈ કરતાં હોય છે. ત્યારે ઉધના ત્રણ રસ્તા પાસે આવેલી વશી કોલોનીમાં પતરાની ઓફિસ બનાવી બેસતા ઠગે શ્રમજીવી લોકોને પ્રધાનમંત્રી આવાસમાં મકાન આપવાનાં સપનાં બતાવીને ૭૯ જણા પાસેથી ૧૨.૬૦ લાખની રકમ પડાવી લીધી હતી. ઉધના પોલીસમાં થયેલી અરજીના આધારે પોલીસે ૬૨ વર્ષીય પંચાનંદ પ્રધાનની ફરિયાદ લીધી છે, જેના આધારે પોલીસે ઠગ ઉપેન્દ્ર ઉર્ફે હરિઓમ જુરીયા બિસોઈની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. આરોપીએ ઉધના ત્રણ રસ્તા પાસે વશી કોલોનીમાં ઓફિસ ખોલી હતી. ખાસ કરીને ઓડિશાસીઓને ફસાવતો હતો. આ કેસમાં હજુ પણ ઘણા ફરિયાદીઓ સામે આવી શકે છે.આરોપી ઉપેન્દ્રએ મકાન માટે શરૂઆતમાં ૧૦ હજાર બાદમાં ૪ હજારની ચોપડી બનાવવાનું અને મકાન મળી જાય ત્યારે ૬૦ હજાર ભરવાનું કહ્યું હતું. ફરિયાદી પંચાનંદે પોતાના નામે અને એક દીકરીના નામે મકાન લેવાનું નક્કી કરી તેને ૨૦ હજાર આપ્યા હતા. આવી જ રીતે અન્ય ૭૮ જણાને પણ પ્રધાનમંત્રી આવાસમાં મકાન આપવાનાં ચીટર ઉપેન્દ્ર બિસોઈએ સપનાં બતાવી લાખોની રકમ પડાવી લીધી હતી. ચીટરે વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૧૫ વચ્ચે ઠગાઈનો આ સમગ્ર ખેલ કર્યો હતો.

## બિહારમાં વધી રહેલા ગુનાખોરી પર બિહાર સરકાર સંપૂર્ણપણે મૌન તેજસ્વી

પટણા,

બિહારમાં સતત હત્યાઓ થઈ રહી છે. રૂપેશ હત્યા કેસના આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. હવે સવાલ ઉઠી રહ્યો છે કે હત્યારા કોણ છે. અમે શરૂઆતથી જ કહી રહ્યા છીએ કે ગુનેગારોના મનમાંથી બિહાર પોલીસનો ડર દૂર થઈ ગયો છે. અપરાધીઓને સીએમ નીતિશ કુમારનું રક્ષણ મળે છે. આ બાબતની તપાસ પણ થતી નથી. નીતિશ કુમારનો ઈકબાલ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. બિહારમાં વધી રહેલા ગુનાખોરી પર બિહાર સરકાર સંપૂર્ણપણે મૌન છે. બિહાર સરકાર ગુનેગારોને રક્ષણ આપવાનું કામ કરશે.

જનતાની વચ્ચે જવાના સવાલ પર તેજસ્વી યાદવે કહ્યું કે અમે કહ્યું હતું કે ૧૫ ઓગસ્ટ પછી યાત્રાની વાત કરી હતી. આ વિષય પર પાર્ટીના લોકો સાથે સતત ચર્ચા ચાલી રહી છે. જે દિવસે યાત્રાની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ જશે તે દિવસે આપ સૌને જાણ કરવામાં આવશે. જોબ કેસ માટે જમીનના પ્રશ્ન પર તેજસ્વી યાદવે કહ્યું કે કંઈ મળ્યું નથી. આ તપાસમાં કોઈ યોગ્યતા નથી. તેનાથી કોઈ ફરક પડવાનો નથી. તેથી કોઈ ટિપ્પણી કરવી જોઈએ નહીં. અમારું સ્ટેન્ડ ઘણું મજબૂત છે તેથી આ ક્યાંય ટકી રહેવાનું નથી. અમને કોર્ટમાં પૂરો વિશ્વાસ છે.તમને જણાવી દઈએ કે ઈન્ડિગોના તત્કાલિન સ્ટેશન મેનેજર રૂપેશ સિંહની પટના એરપોર્ટ પર હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ચારેય આરોપીઓને પટનાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ ૯ અવિનાશ કુમારે નિર્દોષ જાહેર કર્યા હતા. આરોપીઓ સામે પૂરતા પુરાવા મળ્યા નથી. આ પ્રખ્યાત મર્ડર કેસમાં એક પણ સાક્ષીને રજૂ કરવામાં આવ્યો ન હતો. ૧૮ સાક્ષીઓની જુબાની પણ થઈ પરંતુ એક પણ જુબાની ટકી શકી નહીં. હવે સૌથી મોટો સવાલ એ છે કે રૂપેશ સિંહની હત્યા કોણે કરી અને કોણે તેને માર્યો?

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

ગરીબ પરિવારોના તહેવાર બગડવાની ભીતિ

# બાલાસિનોર નગર તેમજ તાલુકાના અંદાજીત સવા લાખ લાભાર્થી સિંગતેલથી વંચિત

બાલાસીનોર,

ગરીબ પરિવારોનો તહેવાર ન બગડે તે માટે પવિત્ર શ્રાવણ માસમાં સરકાર દ્વારા સીંગતેલની ફાળવણી કરવામાં આવી છે. પરંતુ બાલાસિનોરના ૫૪ દુકાનદારોએ રૂ. ૪૦ લાખ જેટલા ભરી દીધા હોવા છતાં સીંગતેલ તેઓના દુકાન કે ગોડાઉન સુધી પહોચ્યું નથી. આથી નગર તેમજ તાલુકાના ૨૩ હજાર પરિવારોના સવા લાખ જેટલા લાભાર્થીઓને તહેવાર પૂર્વે જ સીંગતેલ મળ્યું નથી. જેથી તેઓના તહેવાર બગડે તેવી ભીતિ સેવાઈ રહી છે.

બાલાસિનોર તાલુકા તેમજ નગરમાં સસ્તા અનાજ લેનાર અંદાજીત ૨૩ હજાર જેટલા પરિવારો કાર્ડ ધારક છે. આ પરિવારોના સવા લાખ જેટલા લાભાર્થી છે. સરકાર દર મહિને આવા લાભાર્થીઓને સસ્તું અનાજ વિતરણ કરે છે. જે માટે સરકાર દ્વારા અનાજ તેમજ તેલનો જથ્થો ગોડાઉન સુધી પહોંચાડવામાં આવે છે. પરંતુ પવિત્ર શ્રાવણ માસમાં હજુ સુધી તેલનો જથ્થો ગોડાઉન સુધી ન પહોંચતા ગરીબ પરિવારો નો તહેવાર બગડે તેવું લાગી રહ્યું છે. બાલાસિનોર ના ૫૪ દુકાનદારોએ આ માસના અનાજ માટેના રૂ.૪૦ લાખ જેટલા ભરી દીધા છે. પરંતુ તેલનો જથ્થો ન આવતા તહેવાર પર જ તેલથી વંચિત રહી ગયા હોવાનું બહાર આવ્યું છે.

> એકાદ – બે દિવસમાં તેલનો જથ્થો આવી જશે એટલે વિતરણ કરી દેવામાં આવશે. હજુ ગોડાઉન સુધી મહીસાગર જીલ્લામાં કોઈ પણ જગ્યાએ તેલનો જથ્થો આવ્યો નથી. સપ્લ્યામાં છે એટલે એકાદ– બે દિવસમાં આવી જશે. મારી પાસે ત્રણ તાલુકાનો ચાર્જ છે.
>
> – મહિપાલસિંહ, ગોડાઉન મેનેજર, બાલાસિનોર –

**તહેવાર ટાણે જ મોકાણ : લાભાર્થી...**

> ગરીબ પરિવાર છે. અમારો અને સસ્તા અનાજ લાવીને અમારા ઘરનો ચૂલો ચાલે છે. તહેવાર છે અને મોંઘવારીએ માજા મૂકી છે. બજારમાં તેલ સહિતના ભાવ વધારે છે. તહેવાર ટાણે તેલ સહિતનો જથ્થો હજુ સુધી ન મળતા તહેવાર બગડે તેવું લાગી રહ્યું છે.
>
> – કૈલાશબેન, લાભાર્થી, બાલાસિનોર –

## સંતરામપુરના ગોઠીબડા ગામે સુકીદેવી વિસ્તારમાં આંગણવાડી જર્જરીત સાથે નાસ્તો પણ ન આપતાં બાળકો ગેરહાજર



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગોઠીબડા ગામે સુકી દેવી વિસ્તારમાં આંગણવાડી નંબર એકમાં જર્જરીત હાલતમાં સુવિધા વગરની બની નાસ્તો ના આપવાના કારણે બાળકોની ગેરહાજરી ગુજરાત સરકાર દ્વારા અંતરીયાળ વિસ્તારમાં ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે નાના ફુલકા બાળકો માટે ગામડે ગામડે આંગણવાડી ખોલવામાં આવેલી છે. જયારે સંતરામપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ગોઠીબડા ગામે સુકીદેવી આંગણવાડી કેન્દ્ર પર છેલ્લા ચાર માસથી બાળકોને નાસ્તો આપવામાં આવતો નથી. આંગણવાડી કેન્દ્રમાં માત્ર એક જ તેડાગર ઉપર ચાલી રહેલી છે, વર્કરની ભરતી થવાના ના કારણે ચાર પણ આપવામાં આવેલો છે, કોઈકવાર આવે કોઈકવાર ના આવે તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી છે. આના કારણે વહીવટમાં પણ મોટી ખામી જોવા મળેલી આખી આંગણવાડી મકાન ચોમાસા દરમિયાનમાં બનેલું છે અને પાણી ટપકતું હોય છે અને સુવિધા વગરની બનેલી છે. તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી છે. નિયમ મુજબ મેનુવાર મુજબ બાળકોને ફ્રુટ, નાસ્તો, ચણા અલગ અલગ અવનવી વેરાઈટી વાનગીઓ બનાવીને બાળકોને પીરસવાનું હોય છે પણ અહીંયા તો કોઈ પણ પ્રકારનું નાસ્તો આપવામાં આવતો જ નથી. આવી જ રીતે સંતરામપુર તાલુકામાં મોટાભાગની આંગણવાડીમાં અંતરિયાળ વિસ્તારમાં આંગણવાડી ખોલવામાં પણ આવતી નથી. તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે અને ખોટા માત્ર તેડાગર વર્કરો અને સીડીપીઓ બધા ભેગા મળીને ખોટા બીલો મૂકીને સરકારના નાણાનો દુરૂપયોગ થઈ રહેલો હોય છે. જ્યારે બીજી બાજુ મહીસાગર જીલ્લા માંથી બારોબાર આંગણવાડી કેન્દ્ર પર કેટલા રમકડાંઓ સાધનો મોકલી આપવામાં આવતા હોવા જોઈએ તે પણ આંગણવાડી સુધી પહોંચતા નથી. આંગણવાડી કેન્દ્ર પર જો તપાસ કરવામાં આવે તો ઘણી બધી મોટી ગેરરીતીયો બહાર આવે છે કે તેની પરિસ્થિતિ જોવા મળી આવેલી છે. મોટીભડા ગામના સંતરામપુર તાલુકાની સીમલીયા, આંજણવા કેટલીક એવી આંગણવાડી જઈને જયાં અંતરિયાળ વિસ્તારમાં અપૂરતી સુવિધા ન અભાવ જોવા મળેલો છે. ખરેખર તપાસનો વિષય બન્યો અમારા બાળકો આંગણવાડીમાં મોકલીએ તો કશું ભણાવતા નથી અને નાસ્તો આપતા નથી.

## બાલાસિનોર વિકાસ પથ પર પશુઓનો અડિંગો : અકસ્માનો ભય



બાલાસિનોર,

બાલાસિનોર નગર વિસ્તારમાં ઠેર ઠેર વિકાસ પથ પર પશુઓના અડીંગો રહેતા મુસાફરો અને રાહદારીઓ ભારે પરેશાન થઈ ચૂક્યા છે. ત્યારે સમગ્ર બાબતે નગર પાલીકાના સત્તાધિશો અનેક વાર નગરજનો દ્વારા જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. ત્યારે અમદાવાદી ઢાળ પરથી અમદાવાદ તરફ જવાના માર્ગપર પણ પશુઓના અડીંગો હોવાના કારણે પશુઓ પણ હાલ સલામત નથી, તેવા સંજોગોમાં તંત્ર સજાગ થાય તે જરૂરી છે.

## મહેલોલ હાઈસ્કુલનો વિદ્યાર્થી ૧૦૦ મીટર તરણ સ્પર્ધામાં ઉત્તીર્ણ થયો, હવે રાજયકક્ષાએ ભાગ લેશે

ગોધરા,

સપોર્ટ કોમ્પલેક્ષ ગોધરા ખાતે બાળકોની ૧૦૦ મીટર તરણ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મહેલોલની જી.ડી.શાહ એન્ડ જે.આઈ.પંડ્યા સ્કૂલના વિદ્યાર્થી અને મૂળ રાયસીંગપુરાના વતની રાઠોડ હરજીતસિંહ રાયમલસિંહે પણ ભાગ લીધો હતો અને તેઓ ૧૦૦ મીટર તરણ સ્પર્ધામાં બીજો નંબર મેળવીરાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે ઉત્તીર્ણ થયા છે. તેમને શાળા પરિવાર ખૂબ જ અભિનંદન પાઠવે છે. પહેલેથી જ કશુક નવું કરવાની ભાવના ધરાવતા હરજીતકુમાર કંઈક ને કંઈક સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા થવાની નેમ રાખતા હતા. તેઓ આજે જીલ્લા કક્ષાની યોજાયેલી સ્વિમિંગ પુલ ૧૦૦ મીટર તરણ સ્પર્ધામાં ભાગ લઈ રાયસિંગપૂરા, મહેલોલ અને પંચમહાલ જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

## મહીસાગર જીલ્લા પંચાયત ખાતે જીલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને ૨૧મી પશુધન વસ્તી ગણતરી માટે વર્કશોપ યોજાયો



મલેકપુર,

મહીસાગર જીલ્લા પંચાયત પશુપાલન શાખા ખાતે જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૧લી સપ્ટેમ્બર થી શરૂ થનાર ૨૧મી પશુધન વસ્તી ગણતરી માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

મહીસાગર જીલ્લાના કુલ ૭૦૫ ગામોમાં અંદાજીત ૮.૫૦ લાખથી વધુ પશુઓની ગણતરી કરવામાં આવનાર છે ત્યારે આ વર્કશોપમાં નાયબ પશુપાલન નિયામક એમ જી ચાવડા પશુપાલન વિભાગના અધિકારીઓ, પશુધન ગણતરી પ્રક્રિયામાં ભાગ લેનાર ૮૦ ગણતરીદારો, ૬ સુપરવાઈઝર અને ૧ જીલ્લા નોડલ અધિકારી આ વર્કશોપમાં હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં જાતિ, ઓલાદ મુજબ કઈ રીતે માહિતી ભરવી તે સમજાવવામાં આવ્યું.

વર્કશોપના અંતે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું ઉપરાંત દરેક ગણતરીદારોને આખા વર્કશોપની કલર કોપી આપવા માટે પશુપાલન શાખાને સુચના આપવામાં આવી. ઉપરાંત પશુપાલન શાખા દ્વારા જીલ્લાના પશુપાલકોને વિનંતી કરવામાં આવી કે ગણતરીદારો જયારે પશુધન વસ્તી ગણતરીની કામગીરી કરવા માટે આવે ત્યારે તેમને પુરતી માહિતી આપી સહકાર તથા સહયોગ આપવો. જેથી આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાય.

અત્રે નોંધનીય છે કે, દર ૫ વર્ષે કરવામાં આવતી આ ૨૧ મી પશુધન વસ્તી ગણતરી છે જે ઈ.સ. ૧૯૧૯ થી શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં ૨૦મી પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવેલ હતી. મહીસાગર માં ૨૦ મી પશુધન વસ્તી ગણતરી મુજબ ૮.૭૯ લાખ પશુઓ જેમાં ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઊંટ, ઘોડા, ગધેડા હયાત છે. આ ગણતરીમાં ૧,૯૦,૩૨૦ ઘરોમાં ફેરણી કરી આ કામગીરી કરવાની થાય છે. આ માહિતી દ્વારા દેશ,રાજ્ય,જીલ્લાના દૂધ, ઉન, મટન, ચીકન પેદાશના અંદાજ મળી શકે છે. પશુ સંખ્યાના આધારે પશુદવાખાનાની સંખ્યા જેના થકી પશુચિકિત્સક અને પશુધન નિરીક્ષકની જગ્યાઓ ઉભી કરવા માટે અંદાજ પણ મળી શકે છે તેમજ પશુઓમાં રસીકરણ લક્ષ્યાંક, પશુસારવાર નિદાન કેમ્પ લક્ષ્યાંક, ખસીકરણ લક્ષ્યાંક વગેરેનું આયોજન કરી શકાય છે. વધુમાં દેશની GDPમાં પશુઉત્પાદનના ફાળાનો અંદાજો લગાવી શકાય છે.

## ખેડા જીલ્લામાં ગ્રામ સ્વાગત કાર્યક્રમ યોજાશે

નડિઆદ,

ખેડા જીલ્લામાં તા. ૨૧-૦૮-૨૦૨૪ના રોજ યોજાનાર ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા નાગરીકોએ પોતાની અરજી તેઓના ગામે આપવાની રહેશે. આ અંગેની અરજી તા.૧૦-૦૮-૨૦૨૪ સુધીમાં ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં ‘‘મારી અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવી’’ તેવા મથાળા હેઠળ સબંધિત ગામના તલાટી કમ મંત્રીને સંબોધીને કરવાની રહેશે. અરજીમાં પોતાનો મોબાઈલ નંબર ફરજીયાત પણે દર્શાવવાનો રહેશે. આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે. (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમ, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા જન સંપર્ક અધિકારી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

## બાલાસિનોર પબ્લીક સ્કૂલ અંગ્રેજી માધ્યમની ફૂટબોલ ટીમની રાજય કક્ષા માટે પસંદગી



બાલાસિનોર,

બાલાસિનોર ખાતે આવેલ બાલાસિનોર પબ્લીક સ્કૂલ અંગ્રેજી માદયમના બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. શાળાકીય (SGFI) ૨૦૨૪ ની રમતગમત સ્પર્ધામાં અંડર ૧૪ છોકરાઓની ટીમ ફૂટબોલમાં તાલુકા તથા જીલ્લાકક્ષાએ વિજય બની રાજ્યકક્ષા માટે પસંદગી પામેલ છે તથા શેખ આયાન નઈમભાઈ ચકફેકની સ્પર્ધામાં તાલુકાકક્ષાએ વિજય મેળવી જીલ્લાકક્ષા માટે પસંદગી પામેલ છે. બાળકોની રમતગમત પ્રત્યેની રૂચિ અને P.T.I.શાની મલેકની મહેનતથી વિદ્યાર્થીઓએ ઉચ્ચ સિદ્ધી પ્રાપ્ત કરેલ છે, તે બદલ શાળા સંચાલક મંડળ તથા સમગ્ર સ્ટાફ એ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી

નડિઆદ,

મહિલા અને બાળ અધિકારીની કચેરી તરફથી નારી વંદન ઉત્સવ અંતર્ગત ૧ ઓગસ્ટ થી ૮ ઓગસ્ટ સુધી વિવિધ થીમ પર પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૦૬-૦૮-૨૦૨૪ના રોજ મહિલા કર્મયોગી દિવસની ઉજવણી સેવા સદન કપડવંજ ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલાઓની જાગ્રુતિ માટે મહિલા જાગ્રુતિ સેમિનારનુ આયોજન કરેલ. જીલ્લા દહેજ અધિકારી ડો. સોનલબેન પટેલ દ્વારા મહિલાઓને લગતી વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમજ કામકાજના સ્થળે જાતિય સતામણી અટકાયત અધિનીયમ-૨૦૧૩ પર માહિતી પુરી પાડેલ. ડો.જયેશભાઈ દ્વારા અસરકારક માનસિક સ્વાસ્થયને લગતી માહિતી આપેલ. તથા ૧૮૧ અભયમમાંથી આવેલ વર્ષાબેન દ્વારા વિવિધ મહિલા હેલ્પલાઇન અને મોબાઈલ એપ વિશે સમજ આપેલ. એડવોકેટ અનિતાબેન દ્વારા વિવિધ મહિલાલક્ષી કાયદાની માહિતી પુરી પાડેલ.

આ અવસરે તાલુકા હેલ્થ સુપરવાઈઝર-અસ્મિતાબેન રાવલ, નારી અદાલત-પારૂલબેન, SHE ટીમ માંથી જીનલબેન રબારી, સીડીપીઓ વિમળાબેન, સીડીપીઓ ભાવિનીબેન, સુપરવાઈઝર કૈલાશબેન, પીબીએસસી કાઉન્સેલર કપડવંજ અને નડીયાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગરબાડામાં ધી ગરબાડા ખરીદ વેચાણ સંઘની દુકાન માંથી ૨૨,૨૦૦/-રૂપીયાના તેલના જથ્થાની ચોરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા ગામે આવેલ ધી ગરબાડા ખરીદ વેચાણ સંઘની દુકાનમાં તસ્કરોએ હાથ ફેરો કરી તેલના ડબ્બા તેમજ તેલના પાઉચો કુલ કિંમત રૂપિયા ૨૨૨૦૦ના તેલના જથ્થાની ચોરી કરી નાખી જાણવા મળે છે.

તારીખ-૨ ઓગસ્ટના રોજ રાત્રિના કોઈપણ સમયે અજાણ્યા ચોર તસ્કરોએ ગરબાડા નગરમાં આવેલ ધી ગરબાડા ખરીદ વેચાણ સંઘની દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાનનું તાળું તોડી અંદરથી ૧૫ કિલોના ૧૨ નંગ સિંગતેલના ડબ્બા તેમજ એક કિલોગ્રામના ૪૨ નંગ પાઉચ જેની કુલ કિંમત મળી ૨૨,૨૦૦/- ના તેલના જથ્થાની તસ્કરો ચોરી કરી લઈ નાસી ગયા હતા.

આ સંબંધે રવિન્દ્રગીરી પરસોત્તમગીરી ગોસ્વામી એ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કઠુંઆ અને ડોડામાં તાજેતરમાં શહીદ થયેલા ૦૯ જવાનોના પરિવારોને આર્થિક સધિયારો આપતી નડીયાદની યુવતી



નડિઆદ,

દેશની રક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનારા બહાદૂર સૈનિકોના હિતોની રક્ષા કરવાની જવાબદારી પણ સહિયારી છે. કોઈને કોઈ રીતે દેશની રક્ષા કરવા કાજે ખપી જનારા ભડવીર જવાનોની પાછળ વિલાપ કરતા તેમના પરિવારને મદદરૂપ થવું, એ સૌની નૈતિક ફરજ છે અને તે ફરજને નડીયાદની એક યુવતી સારી રીતે નિભાવતી આવી છે. વિધિ જાદવે ફરી એક વખત તાજેતરમાં કઠુંઆ અને ડોડામાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલા નવ જવાનોના પરિવારોને આશ્વાસનપત્ર અને રૂ.પાંચ – પાંચ હજારની આર્થિક મદદ પહોંચાડી છે.

નડીયાદની વિધિ જાદવે અત્યાર સુધીમાં સેંકડો સૈનિક પરિવારોની મુલાકાત લીધી છે. ખાસ કરીને દેશની સેવા કરતા કોઈ જવાન શહીદ થઈ જાય એ ઘટના વિધિના ધ્યાનમાં આવે કે તુરત જ તે આ દેશની સુરક્ષા માટે પોતાનો આધાર ગુમાવી બેઠેલા પરિવારને મળવા અને મદદરૂપ બનવાનું આયોજન કરે છે.

વિધિએ આજ સુધી કુલ ૩૯૨ શહિદ સૈનિકના પરિવારોને મદદ કરી ચૂકી છે અને તે પૈકી ૧૭૦ પરિવારોની રૂબરૂ મુલાકાત લીધી છે તેમજ જુદા જુદા રાજ્યોમાં ૧૦ શહીદ સૈનિકોના સ્ટેચ્યુ અનાવરણ કાર્યક્રમમાં હાજરી આપી છે.

આમ તો વિધિનો પરિવાર કંઈ માલેતુજાર નથી. મધ્યમ કે કદાચ ઉચ્ચ મધ્યમ વર્ગમાં મૂકી શકાય એવો એનો પરિવાર છે.પરંતુ ઘણીવાર કોઈ દાતા ના મળે તો આ પરિવાર પોતે આર્થિક ભારણ વેઠીને વિધિની સૈનિક પરિવાર પ્રત્યે સહૃદયતાની આ પ્રવૃતિ ચાલુ રાખવામાં પીછેહઠ નથી કરતો.

પોતાના ક્ષેત્રમાં નામાંકિત અને સમર્પિત દિકરી વિધિ જાદવ સરહદ પર શહીદ થતા દેશના સપુતો પ્રતિ સંવેદના તથા ફૂલની પાંખડીરૂપ નાણાંકીય સેવા માટે વરસોથી સક્રિય છે. આટલું જ પૂરતું નહિ પણ લાંબાગાળાના લાગણીસભર સંબંધોથી વતન માટે શહીદ થનાર પરિવારોને મદદરૂપ બને છે.

વલ્લભવિદ્યાનગરની ઈલસાસ કોલેજમાં અનુસ્નાતકનો અભ્યાસ કરતી વિધિ જાદવ વેકેશનમાં હિલસ્ટેશન કે પ્રવાસધામ પર ન જતાં આવા દેશ માટે શહીદ થયેલા જવાનોના કુટુંબ વચ્ચે જઈ પોતાપણું બતાવીને તેમની સંવેદનાના દુઃખને હળવું કરે છે.

શહીદ થયેલા જવાનોના પરિવારોને વિધિ આત્મીયતા અને સંવેદનાથી મળે છે અને પોતાપણું બતાવે છે. વિધિના આગમનને દરેક શહિદ પરિવારે હર્ષ, આનંદ અને ગર્વથી વધાવે છે. વિધિની વિદાય વેળાએ આ પરિવારોના ગર્વમાં છુપાયેલી વેદના પણ જોવા મળી છે.

વિધિ જાદવના માનવતા અને સંવેદનાસભર આ વિરાટકાર્યને સમાજે બિરદાવી શહીદ વીરોના પરિવારો માટેના રાષ્ટ્રભક્તિના આ યજ્ઞમાં આર્થિક આહુતિ આપી શહીદ સૈનિક પરિવારોને મદદરૂપ થઈ દેશનું ઋણ અદા કરવું જોઈએ.

નડિયાદની વિધિ જાદવ રાજસ્થાન, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબના શહિદ થયેલા આપણા દેશના સૈનિકોના પરિવારોની મુલાકાત લઈ ચૂકી છે.વિધિ જાદવે અત્યાર સુધી ૧૫૪થી વધુ શહીદ પરિવારોની મુલાકાત લીધી છે.

વિધિ જાદવએ CRPF કેમ્પ ગાંધીનગર ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી CRPF ના જવાનોને રાખડી બાંધી કરી હતી. તેમજ ‘‘એક પેડ વીર જવાનો કે નામ’’ અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું.

દુનિયામાં પોતાના હોય તેના પ્રત્યે આદર, લાગણી અને સંવેદના તો સૌને હોય,પરંતુ જેમની સાથે કોઈ લેવાદેવા ન હોય તેમ છતાં તેમના હિત અને કલ્યાણ માટે પ્રયત્નશીલ હોય તેવા માનવો જ માનવ ગરિમાનું સાચું માધ્યમ બનતા હોય છે. સો સો સલામ છે,નડિયાદની આ દીકરીને...

## આપની આજ.......

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. તમારું મન શાંત અને ખુશ રહેશે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો. આજે ડહાપણથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

**માલસામાનના ભંગારની જાહેર હરાજી**

શ્રી સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા વરધરી,તા.-લુણાવાડા,જી.-મહીસાગર માં તાલીમ દરમ્યાન વપરાયેલ બિન ઉપયોગી તેમજ જૂની બનાવેલી યાદી મુજબની સાધન/ સામગ્રી અને ભંગાર (સ્ક્રેપ)જે સ્થિતિમાં સંસ્થા ખાતે છે ત્યાંથી જાહેર હરાજી પધ્ધતિથી નિકાલ કરવાનો છે.

રસ ધરાવતી પાર્ટીઓને ટેન્ડર જાહેર રજાના દિવસ સિવાય સવારના ૧૦.૦૦ કલાક થી સાંજના ૪.૦૦ કલાક સુધીમાં સંસ્થાની ઓફિસમાંથી મળી શકશે.જેની છેલ્લી તારીખઃ૩૦/૦૮/૨૦૨૪ છે.ભાવો સીલબંધ કવરમાં રજી.પો.એડી થી મોકલી આપવાની છેલ્લી તારીખઃ૦૧/૦૯/૨૦૨૪ છે.ટેન્ડરની શરતો ટેન્ડર સાથે અને હરાજીની શરતો હરાજી વખતે રૂબરૂ આપવામાં આવશે.ટેન્ડરથી આવેલ ભાવ અને જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલી વાળા ભાવો પૈકી જે ભાવ વધારે હશે તે સ્વીકારવામાં આવશે.

આ ટેન્ડરો અગર હરાજીના ભાવો સ્વીકારવા અંગે આખરી સત્તા સંસ્થાના વડાની રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

અધિક્ષકશ્રી
ઔદ્યોગિક તાલીમ સંસ્થા વરધરી
તા.લુણાવાડા જી.મહીસાગર

તારીખઃ૦૮/૦૮/૨૦૨૪

LiFE Lifestyle for Environmen



# "एक पेड़ माँ के नाम" અભિયાન

## 75 મો વન મહોત્સવ ૨૦૨૪

"હરસિદ્ધિ વન" લોકાર્પણ કાર્યક્રમ

- "एक पेड माँ के नाम" અભિયાન અંતર્ગત **૧૭ કરોડ** રોપા વાવેતરનું આયોજન
- રાજ્યની **૮ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓ, ૨૫૦ તાલુકાઓ તથા ૫,૫૦૦ ગામોમાં** જન ભાગીદારીથી વન મહોત્સવની ઉજવણી
- એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ કુલ **૪૦,૦૦૦ હેક્ટર** વિસ્તારમાં ખેડૂતો થકી વાવેતર
- રાજ્યમાં **૨૦૦ હેક્ટર** વિસ્તારમાં હરિત વસુંધરા યોજના હેઠળ વનકવચ વાવેતર
- હરિત વન પથ વાવેતર હેઠળ રાજ્યમાં **૭૦ હેક્ટર (૩૫૦ કિ.મી.)** વિસ્તારમાં મોટા રોપાનું વાવેતર
- વ્યાપક વૃક્ષારોપણ અને પુનઃસ્થાપન પ્રયાસોના કારણે ગુજરાતમાં મેન્ગ્રુવ કવર **૧,૧૭૫ ચોરસ કિલોમીટર** સુધી વિસ્તર્યું

**તારીખ : ૦૮ ઓગસ્ટ, ૨૦૨૪**
**સમય : સાંજે ૦૪:૦૦ વાગે**
**સ્થળ : હરસિદ્ધિ માતાજી મંદિર નજીક, ગામ : ગાંધવી, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા**



## આવો, આપણે સૌ સાથે મળી ગુજરાતને હરિયાળું બનાવીએ

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા શેખ મજાવર રોડ ઉપર તહુરા પ્રોટીન્સ મીલમાં જીલ્લા પુરવઠા અધિકારીએ રેઈડ કરી આંધ્રપ્રદેશના સરકારીતુવેરદાળ ૧૬.૪૭ કરોડનો જથ્થો ઝડપી સીઝ કર્યો





**-આંધ્રપ્રદેશ આઈસીડીએસ, પીડીએસ માર્કાની ૧૧,૧૩,૩૦૦ કિલો તુવેરદાળનો જથ્થો ઝડપ્યો.**
**- તહુરા મીલ સંચાલક સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ.**

ગોધરા,
ગોધરા પશ્ચિમ વિસ્તારના શેખ મજાવર રોડ ઉપર આવેલ તહુરા પ્રોટીન્સ નામની મીલમાં બાતમીના આધારે જીલ્લા પુરવઠા અધિકારી અને ગોધરા શહેર મામલતદારની ટીમ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આંધ્રપ્રદેશ સરકારી તુવેરદાળનો કિંમત ૧૬,૪૭,૬૮,૭૦૦/-રૂપીયાનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા શંકાસ્પદ તુવેરદાળનો જથ્થો સીઝ કરવામાં આવ્યો. ગુજરાત રાજ્યમાં આટલી મોટી માત્રામાં પહેલીવાર સરકારી જથ્થો સીઝ કરવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાને મળેલ બાતમીના આધારે ગોધરા શહેર મામલતદાર અને ટીમને સાથે રાખીને ગોધરાના શેખ મજાવર રોડ ઉપર આવેલ તહુરા દાળ મીલમાં આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારની તપાસ દરમિયાન મીલ માંથી આઈસીડીએસ, પીડીએસ માર્કાવાળી આંધ્રપ્રદેશની સરકારી તુવેરદાળનો જથ્થો રાખીને ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોવાની વિગતો સામે આવી હતી. જીલ્લા પુરવઠા અધિકારીની તપાસ મીલમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ૧૧,૧૩,૩૦૦ કિલોગ્રામ (૨૨,૨૬૬ કટ્ટા) જેની બજાર કિંમત ૧૬,૪૭,૬૮,૪૦૦/-રૂપીયા ( સોળ કરોડ સુળતાલીસ લાખ અડસઠ હજાર ચાર સો )નો તુવેરદાળનો જથ્થો તેમજ તુવેરદાળ ભરેલ વાહન-૧ કિંમત ૮,૦૦,૦૦૦/-રૂપીયા મળી કુલ ૧૬,૫૫,૬૮,૪૦૦/-રૂપીયાનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર ગોધરાની ટીમ દ્વારા ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત આટલી મોટી માત્રામાં સરકારી તુવેરદાળનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. તહુરા તુવેરદાળ મીલના સંચાલક ઈલ્યાસ મોહમંદ હુસેન ઉમરજી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આંધ્રપ્રદેશની આઈસીડીએસ અને પીડીએસ માર્કાનો આટલી મોટી માત્રામાં સરકારી તુવેરદાળનો જથ્થો ગોધરા સુધી કેવી રીતે પહોંચ્યો અને કેટલા સમય આ પ્રકારનો ગોરખધંધો ચાલી રહ્યો હતો તે તપાસ સામે આવશે.

# કાલોલ તાલુકાના ઘુસર ગામની પ્રાથમીક શાળાના બાળકો પાસે સફાઈ કરાવતા હોવાનો વિડિયો વાયરલ




કાલોલ,
કાલોલ તાલુકાના ઘુસર ગામની પ્રાથમીક શાળાના બાળકો પાસે સાફ સફાઈ કરાવાતી હોય તેવો બે વિડિયો વાયરલ થતા સમગ્ર શૈક્ષણિક આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સ્કુલ યુનિફોર્મમાં બાળકો સાવરણી અને બાલટી લઈને બાળકો શાળાની બહાર સફાઈ કરતા હોય તેવો વિડીઓ બનાવી કોઈક ઈસમે વાઈરલ કરતા નાના ફુમળા બાળકો પાસે શિક્ષણ આપવાનને બદલે મજુરી કરાવાતી હોવાનું બહાર આવ્યું છે. હાલમાંજ રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે રાજ્ય સરકારના મોટા મોટા સ્લોગન,"સૌ ભણે અને સૌ આગળ વધે" માત્ર ને માત્ર શાળાના દીવાલ પૂરતું તેમજ કાગળો પુરતુજ રહી ગયું હોય તેમ દેખાઈ રહ્યું છે. શું આ રીતના સૌ બાળકો ભણશે ? બાળકોને શાળા બહાર તેમજ અન્ય આજુબાજુમાં સાફ સફાઈ કરવામાં આવે છે. જો સાફ સફાઈ દરમિયાન કોઈ સાપ કે અન્ય ઝેરી જીવ જંતુ આ નાના બાળકોને કરડે અને જો કોઈ દુર્ઘટના થાય તો જવાબદાર કોણ ? ત્યારે આ ઘૂસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાફ સફાઈ કરી રહ્યા ત્યાં જ શાળાની બહાર શિક્ષકોની મોંઘીદાટ ગાડીઓ પણ જોવા મળી હતી. ત્યારે આ બાળકો સાફ સફાઈ કરી રહ્યા હતા ત્યાં આજુ બાજુ લીલું ઘાસ તેમજ ચોમાસામાં ઉગી નીકળેલ છોડ તેમજ રસ્તા ઉપરની ગંદકી પણ દૂર કરતા વિદ્યાર્થીઓ એક જાગૃત નાગરિકના કેમેરામાં કેદ થઈ ગયા હતા. શાળાની સાફ સફાઈ કરાવવાની જવાબદારી શાળાના આચાર્યની હોય છે, ત્યારે સફાઈમાં નામે ખર્ચ તો પાડતા હશે પણ તેની સામે સાફ સફાઈ શાળાના વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ ચોથા ધોરણના વિદ્યાર્થીઓ સાફ-સફાઈ કરતા નજરે પડી રહ્યા છે અને વિદ્યાર્થીનું નામ રાઠવા પિયુષ કુમાર મહેશભાઈ, બીજા વિદ્યાર્થીનું નામ કેતનકુમાર હમજીભાઈ રાઠવા ત્યારે પંચમહાલ જીલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા ઘૂસર ગામે આવેલ શાળાનાની તપાસ કરીને આ નાના ભૂલકાઓ પાસે ક્યાં શિક્ષક દ્વારા આ સાફ સફાઈ કરાવવામાં આવી હતી. તેની સામે તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# ગોધરા સુવિધાનગરમાં ઓફિસમાં ફરિયાદી સાથે મારામારીના ગુનામાં આરોપી વચગાળાના જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,
ગોધરા સુવિધાનગર સોસાયટીમાં ગેતલભાઈ પટેલની ઓફિસમાં બ્રાંડ બેન્ડ સર્વિસ રિન્યુ કરાયેલ ન હોય જેથી વાઈફાઈ મોર્ડમ લેવા જતાં ફરિયાદીને આરોપી અદ્વૈતભાઈ ડાહ્યાભાઈ સતનામી ઝગડો કરી પ્લાયવુડના લાકડાથી માથાના ભાગે ફટકા મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાના ગુનામાં આરોપીને ઝડપી જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. આરોપી ૩૦ દિવસના વચગાળાના જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. તે કેસ મુખ્ય સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં વચગાળાના જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા સુવિધાનગર ફરિયાદી ગેતલભાઈ પટેલની ઓફિસે બ્રોડ બેન્ડ સર્વિસ રિન્યુ કરાયેલ ન હોય જેથી વાઈફાઈ મોર્ડમ લેવા ગયા હતા. ગેતલભાઈ પટેલ અને આરોપી અદ્વૈતભાઈ ડાહ્યાભાઈ સતનામીએ ઝગડો કરી ગાળો આપી હાથમાં પ્લાયવુડના લાકડા વડે ફરિયાદીને માથામાં ફટકાર મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો અને ફરિયાદીનું મૃત્યુ થયેલ હોય પોલીસ દ્વારા તપાસ કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. આરોપી અદ્વૈતભાઈ સતનામીએ કોર્ટમાં ૩૦ દિવસના વચગાળાના જામીન અરજી કરેલ હતી. આ વચગાળાની જામીન અરજી જીલ્લા મુખ્ય સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને વચગાળાની જામીન અરજી નામંજુર કરાઈ છે.

# શહેરા તાલુકામાં યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં નવરચના ગુરૂકુલ અંગ્રેજી માધ્યમ વિદ્યાર્થીએ સિલ્વર મેળવ્યો



શહેરા,
ગુજરાત સરકાર દ્વારા આયોજીત શાળાકિય રમત-ગમત સ્પર્ધા ૨૦૨૪-૨૦૨૫ની જીલ્લાકક્ષાની ચેસ ટુર્નામેન્ટ ( under 14)સ્પર્ધા શહેરા તાલુકામાં યોજાઈ હતી. તેમાં નવરચના ગુરૂકુલ અંગ્રેજી માધ્યમની ધોરણ-૭ ની વિદ્યાર્થિની ક્રિષ્ના જીગ્નેશભાઈ પટેલ જીલ્લાકક્ષાએ સિલ્વર મેડલ મેળવી નવરચના ગુરૂકુલ શાળાનું નામ રોશન કરેલ છે, તે બદલ શાળા પરિવાર તેમજ સમગ્ર તાલુકામાં ખુશીનો માહોલ જોવાઈ રહ્યો છે. તે બદલ શાળા પરિવાર તેઓને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવે છે.

# કાલોલ થી જેતપુર જવાના રસ્તે વીજ લાઈન ઉપર ઝાડ પડતા મોટા અકસ્માતનો ભય : તંત્રને રજૂઆત કરાઈ



કાલોલ,
કાલોલના કલાલ વિસ્તારમાં વેરાઈ માતાના મંદિરની થોડીક આગળ જેતપુર તેમજ ઘોડા, તરવડા જવાના માર્ગ ઉપર એક ખાનગી લાકડાની સોમીલના માલિકનું ઝાડ છેલ્લા બે દિવસથી ચાલુ લાઈન ઉપર પડતા વીજ લાઈન નમી જવા પામી છે. વીજ થાંભલો પણ નમી ગયો છે અને આ વિસ્તારમાં અવાર-જવર કરતા સંખ્યા બંધ લોકો હેરાન થઈ રહ્યા છે. ચાલુ વીજ લાઈન નીચેથી જીવના જોખમે પસાર થવા મજબૂર થઈ રહ્યા છે. અત્રે નજીકમાં રહેતા સ્થાનિક એમજીવીસીએલને વારંવાર ફોન કર્યો, પરંતુ હર હંમેશની આદત મુજબ એમજીવીસીએલના સંબંધિત કર્મચારી ફોન ઉપાડતા નથી. વધુમાં કાલોલ નગરપાલિકાને પણ રજૂઆત કરી હોવાનું જણાવે છે, પરંતુ કોઈ અધિકારી આ જગ્યાએ આવેલ નથી. હાલ બાઈક પર આવતા અને ચાલતા લોકો ઝાડ નીચેથી પસાર થઈ રહ્યા છે. એમજીવીસીએલ દ્વારા તાકીદે ઘટતી કાર્યવાહી કરે તેવી સ્થાનિકોની માંગ છે. કાલોલ એમજીવીસીએલ ઈમરજન્સીના સમયે લોકોના ફોન ઉપાડવાનું શીખે અને લોકાભિમુખ વહીવટ કરે તેવી લોકમાંગ ઉઠી છે

# શહેરા વાઘજીપુર સરપંચના વચેટીયાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા,
શહેરા તાલુકાના વાઘજીપુર લાંચીયા સરપંચના વચેટીયાના રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં મુકવામાં આવી હતી. તે ડીસ્ટ્રીકટ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવ્યા.

શહેરા તાલુકાના વાઘજીપુર ગ્રામ પંચાયતમાં ફરિયાદીના પત્ની વોર્ડ-૨માં સભ્ય તરીકે ચુંટાયેલા અને ફરિયાદીએ વોર્ડમાં સામૂહિક શોકવીટના કામો (હેન્ડ પંપની બાજુમાં બનાવતા સોસ ખાડા) મજુરી તાલુકા પંચાયત કચેરી માંથી ૧૯ કામો મંજુર થયેલ ફરિયાદીએ સ્વખર્ચે વોર્ડના કામો પુરા કરેલ હતા. શહેરા ખાતેથી બીલો મેળવી એસ.બી.એમ(જી)નું પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારી પાસેથી મળેથી વાઘજીપુર પંચાયતના તલાટીને જમા કરાયેલ ૦૨/૦૭/૨૦૨૪ના તલાટીએ ૩,૩૨,૫૦૦/-રૂપીયાના લખી આપેલ ચેકમાં સરપંચની સહી લેવાની હોવાથી બે દિવસ પછી સરપંચ સવિતાબેન બાબુભાઈ બારીયાને ગોધરા ખાતે તેમના ઘરે મળ્યા હતા. સહી કરવા માટે ૨૫,૦૦૦/-રૂપીયાની માંગણી કરી હતી. જેથી એસીબીના સંપર્ક કરી છટકું ગોઠવામાં આવ્યું હતું. સરપંચના ભત્રીજા મયંકભાઈ ધરમાભાઈ પલાસને બન્ને આરોપી ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલ આરોપી જયુડિશીયલ કસ્ટડીમાં હોય તેવા આરોપી મયંકભાઈ ધરમાભાઈ પલાસ દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાઃ આવી હતી. તે જામીન અરજી મુખ્ય ડીસ્ટ્રીકટ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

# ઘોઘંબાના ઉમરીખેડા ફળિયામાં સાંપ કરડી જતાં ૧૫ વર્ષિય યુવકનુ મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ઉમરી ખેડા ફળિયા સીમલીયા ગામે ૧૫ વર્ષિય યુવકને તેના ઘરમાં સાંપ કરડી જતાં સારવાર માટે ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના ઉમરી ખેડા ફળિયા સીમલીયા ગામે રહેતા ઋતિક રાજુભાઈ વણઝારા(ઉ.વ.૧૫)ને તેના ઘરમાં ઝેરી સાંપ કરડી જતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યુ હતુ. આ બાબતે દામાવાવ પોલીસ મથકે અકસ્માત મોત અન્વયે ફરિયાદ નોંધાવવા પામી છે

# કાલોલ એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એક SSIEP અવેરનેસ પ્રોગ્રામ યોજાયો



કાલોલ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એસએસઆઈપી-૨૦૦ અંતર્ગત કાલોલની એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એક એસએસઆઈપી અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલોલના પ્રિન્સિપાલ ડોક્ટર કિશોરભાઈ વ્યાસ દ્વારા એસએસઆઈપીના યુનિવર્સિટીના કોર્ડીનેટર ડોક્ટર મૌલિક જાની, ડોક્ટર અનુરાગ મિશ્રા તથા ડોક્ટર હેમેન્દ્ર શાહને યુનિવર્સિટીના એસ.એસ.આઈ.પી.ના મિત્રોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં સૌ પ્રથમ એસજીજીના મીડિયા કન્વીનર ડોક્ટર અજય સોનીએ સૌ શ્રીમીતી મેમ્બર્સનો પરિચય આપ્યો હતો. વ્યાખ્યાનની શરૂઆતમાં ડોક્ટર મૌનિક જાની એએસએસઆઈપી એટલે માઈન્ડ ટુ માર્કેટનો વિચાર વિદ્યાર્થીને સમજાવ્યો હતો. વિદ્યાર્થીમાં રહેલા અનેક નવા વિચારોએ માત્ર વિચારો ના રહેતા વ્યવહારના સ્તર ઉપર અમલીકરણ કરી શકાય તે માટેનું ઉમદા માર્ગદર્શન એસએસઆઈપીના કોર્ડીનેટર ડોક્ટર મૌનિક જાની એ આપ્યુ હતું. ત્યારબાદ કેમેસ્ટ્રીના પ્રોફેસર ડોક્ટર સાથે વિદ્યાર્થીઓને અનેક નવા વિચારો દ્વારા વર્તમાન સમયમાં જે જે ઉદ્યોગ ધંધા છે, તેને ખૂબ ઉદાહરણપૂર્વક છણાવટ કરી હતી.

# જાંબુઘોડાના ખાખરીયા ગામે દિપડાએ વાછરડાંનુ મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ

જાંબુઘોડા,
જાંબુઘોડા તાલુકાના ખાખરીયા ગામે આવેલ ટોલ ફળિયામાં રહેતા નાનજીભાઈ સોમાભાઈ બારીયાના ઘરની બહાર પશુઓને બાંધવા માટે કોડ બાંધવામાં આવી હતી. જયાં તેઓ નિત્યક્રમ મુજબ પશુઓને બાંધ્યા હતા. જયારે નાનજીભાઈ રોજના નિત્યક્રમ મુજબ સવારે ઉઠી કોડમાંથી પશુઓને બહાર કાઢવા માટે આવ્યા હતા. સમયે વાછરડું મૃત હાલતમાં જોવા મળ્યુ હતુ. ત્યારે અગાઉની રાત્રિએ વિસ્તારમાં શિકારની શોધમમાં આવેલા દિપડાએ કોડમાં બાંધેલા પશુનુ મારણ કર્યુ હોવાથી વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે નાનજીભાઈ બારીયા દ્વારા સમગ્ર બનાવની જાણ જાંબુઘોડા વન વિભાગની કચેરી ખાતે કરવામાં આવતા વનવિભાગના અધિકારીઓ તથા આરએફઓ સહિત સ્ટાફ દ્વારા પંચકયાસ કરી જરૂરી કાગળો કરી કાર્યવાહી કરી હતી.

# શહેરાના નવા વલ્લભપુર ગામેથી ઝોલાછાપ બોગસ તબીબને પોલીસે ઝડપ્યો



રેઈડ દરમિયાન બોગસ તબીબ તપન સદાનદભાઈ સરકાર(રહે.નવા વલ્લભપુર, મુળ રહે.બનગાવ, જિ.પરગણા, પ.બંગાળ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. અને દવાખાનામાંથી એલોપેથિક દવાઓ તથા ઈન્સ્ટ્રુમેન્ટ કિ.રૂ.૨૯,૬૯૬/-ના મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે મેડિકલ પ્રેક્ટિસ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરા,
શહેરા તાલુકાના નવા વલ્લભપુર ગામે માછી ફળિયામાં કોઈ પણ ડિગ્રી વગર બોગસ તબીબ દવાખાનુ ખોલીને તબીબી સારવાર કરી રહ્યો છે તેવી પોલીસે મોરવા(રેણા)પીએચસીના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર સાથે રાખી છાપો મારી ઝોલાછાપ તબીબને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના નવા વલ્લભપુર ગામે માછી ફળિયામાં કોઈપણ માન્યતા પ્રાપ્ત મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર દવાખાનુ ખોલી તબીબી સારવાર કરે તેવી માહિતીના આધારે શહેરા પોલીસે મોરવા(રેણા)પીએચસીના મેડિકલ ઓફિસર સાથે રાખી રેઈડ કરી હતી.

# હાલોલ તાલુકાના વરસડા ચોકડી મસવાડ જવાના રોડ ઉપર વાહનચાલકે બાઈકને અડફેટમાં લેતા બાઈક પાછળ બેઠેલ વ્યકિતનુ મોત

હાલોલ,
હાલોલ તાલુકાના વરસડા ચોકડીથી મસવાડ ગામ જવાના રોડ ઉપર વાહનચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટરસાયકલને ટકકર મારી બાઈક ચાલક અને પાછળ બેઠેક વ્યકિતને ઈજાઓ પહોંચતા પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજયું હતુ. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના વરસડા ચોકડીથી મસવાડ ગામ જવાના રોડ ઉપર વાહન નં.જીજે-૧૭-બીએ-૩૧૩૫ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને બેફિકરાઈ પુર્વક હંકારી લાવી ફરિયાદી ગોપાલ ગણપતભાઈ પરમારની બાઈક નં.જીજે-૧૭-સીજી-૭૮૮૪ને ટકકર મારતા બાઈક ચાલક અને પાછળ બેઠેલ તખ્તસિંહ ઉદેસિંહ રાઠોડ (ઉ.વ.૪૫, રહે.મસવાડ, હાલોલ)ને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે ગોપાલભાઈ પરમારને ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સર્જી વાહન ચાલક પોતાના કબ્જાનુ વાહન સ્થળ પર મુકી નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ધાનપુર તાલુકાના પીપેરો ગામે શિકારની શોધમાં આવેલો દીપડો કુવામાં ખાબકયો વન વિભાગે રેસકયુ હાથ ધરી દીપડાને કૂવામાંથી બહાર કાઢ્યો



**- ધાનપુર તાલુકાના પીપેરો ગામે દીપડો કૂવામાં ખાબક્યો.**
**- શિકારની શોધમાં આવેલો દિપડો કૂવામાં પડતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા .**
**- વન વિભાગને જાણ કરતા ધાનપુર તેમજ કંજેટા વાઈલ્ડ લાઈફનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો.**
**- સીડીની મદદ થી વન્ય પ્રાણી દીપડો કૂવામાંથી બહાર આવ્યો.**

દાહોદ,
ધાનપુર તાલુકાના પીપેરો ગામે મોડી સાંજે એક વન્ય પ્રાણી દીપડો શિકારની શોધ આવી ચઢેલ દીપડો કુવામાં ખાબકતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડયા. વન વિભાગને જાણ કરતા વન વિભાગ દ્વારા રેસ્કયુ હાથ ધરી દીપડાને કૂવા માંથી સહી સલામત બહાર કાઢવામાં આવ્યો

પ્રાપ્ત માહિતી મુજબ દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ગામે આમલી ચોકડી પાછળ રહેતા રમણભાઈ નરવતભાઈ ખાબડના ખેતરમાં આવેલ કુવામા ગત મોડી સાંજે શિકારની શોધમાં જંગલ તરફથી આવી ચઢેલ એક વન્યપ્રાણી દીપડો કૂવામાં ખાબકતા જેની જાણ ગ્રામજનોને થતા ગ્રામજનો દીપડાને જોવા મોટી સંખ્યામાં કૂવાની આસપાસ પહોંચી ગયા હતા. ત્યારે કુવામાં ખાબકેલા દીપડાની જાણ સ્થાનિક વન વિભાગના કરતા ધાનપુર રેન્જ તેમજ કંજેટા વાઈટ લાઈફનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ગ્રામજનોને કુવા થી દૂર હટાવી કૂવાને કોર્ડન કરી દીપડાને કૂવા માંથી બહાર કાઢવા માટે મોડી રાત્રે રેસ્કયું હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દીપડો કૂવો માંથી બહાર નીકળી માનવ વસ્તી તરફ ઘૂસી ન જાય તે માટે ની વન વિભાગ દ્વારા વ્યવસ્થા કરી ૧૦ ફૂટ જેટલા ઊંડા પાણીમાં કે દીપડાને બહાર કાઢવા માટે સીડી મૂકવામાં આવી હતી. જે સીડીના આધારે વન્યપ્રાણી દીપડો કુવા માંથી બહાર નીકળી જંગલ તરફ નાસી જતા કુવા માંથી સહી સલામત વન્યપ્રાણી દીપડો બહાર નીકળી જતા વન વિભાગ તેમજ ગ્રામજનોએ જાણે હાસકારો અનુભવ્યો હોઈ તેમ જોવા મળ્યું.



દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆના પંચેલા ગામે એક ખેતરમાં અજગર જોવા મળતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. આ અંગેની જાણ પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદના સભ્યોને જાણ કરવામાં આવતાં પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદના સભ્યો સ્થળ પર પહોંચી ગયાં હતા. જ્યાં ભારે જહેમત બાદ અજગરનું રેશ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ અજગર ૧૨ ફુટ લંબો અને ૨૦ કિલોગ્રામ જેટલા વજનનો હતો. અજગરનું રેશ્ક્યુ કરી અજગરને સ્થાનીક વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. વન વિભાગના કર્મચારીઓએ અજગરને હેમખેમ રીતે જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો. અજગરનું રેશ્ક્યું થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.296